REOPENING @ GANDHINAGAR
સ્વાગત કરો તહેવારોનું બચત સાથે
7%* on mrp OFF FMCG પ્રોડક્ટ્સ પર
FESTIVAL MONTH OFFER
ઓફર માટે જુઓ પાન નં.3

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૫ ૪ ઓગસ્ટ, ૨૦૧૯, રવિવાર; શ્રાવણ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખંભાત-ઓલપાડમાં આભ ફાટ્યું

## ઓલપાડમાં ૧૪ : ખંભાતમાં ૧૭ ઇંચ

### ઉમરગામમાં ૯ ઇંચ અને કપરાડામાં ૧૨ ઈંચ વરસાદથી જનજીવન ઠપ : નદીઓ, નાળા, સરોવર, ડેમો છલકાયા

અમદાવાદ, તા.૩

દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત બે મહત્વના શહેરો પર માત્ર થોડાક જ કલાકોમાં બારે મેઘ ખાંગા થતા જળબંબાકાર થયો હતો. સુરતના ઓલપાડમાં તો માત્ર પાંચ કલાકમાં ૧૪ ઈંચ જ્યારે ખંભાતમાં ૧૨ કલાકમાં ૧૭ ઈંચ વરસાદ પડતો બંને શહેરો બેટમાં ફેરવાયા હતા. પુરની સ્થિતિને પહોંચી વળવા ૧૫૦૦૦થી વધુ નાગરિકોનું સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. બચાવ અને રાહતની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઈ છે.

સુરતના ઓલપાડમાં આભ ફાટ્યું હોય તેમ માત્ર પાંચ જ કલાકમાં ૧૪ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર અને પૂરની સ્થિતિ ઉભી થઈ છે. તો, માગંરોળમાં પણ ૧૨ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી જ પાણી ભરાઈ ગયા હતા. સમગ્ર પંથકના રસ્તાઓ અને વિસ્તારો આખા પાણીમાં ગરકાવ થઈ જતાં જળાશય બની ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. કીમ નદી ભયજનક સપાટી વટાવીને ઓવરફ્લો થતાં ઓલપાડ અને કીમ નદીની આસપાસના ગામડાઓને એલર્ટ પર મુકી દેવામાં આવ્યાં છે. તો, તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે સ્કૂલ કોલેજમાં રજાઓ જાહેર કરી દેવામાં આવી છે. ઓલપાડનો હાથીસા રોડ સંપર્ક વિહોણો થઈ ગયો હતો અને તેના પરથી પાણી ફરી વળ્યાં હતા. અતિ ભારે વરસાદથી અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા અને ૧૫૦૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. ભારે વરસાદના પગલે ઓલપાડના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. મોટાભાગના તમામ વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા અને રસ્તાઓ પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ઓલપાડનું હાથીસા ગામ સંપર્ક વિહોણું બન્યું છે. નીચાણવાળા વિસ્તારમાંથી હાલ ૧૫૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

જ્યારે આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં સવારથી મેઘરાજાએ જોરદાર અને બહુ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. એક તબક્કે ખંભાતમાં આભ ફાટતાં માત્ર ૧૨ કલાકમાં જ ૧૭ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકતાં સમગ્ર ખંભાત જાણે બેટમાં ફેરવાયું હતું. જેને પગલે હવે ખંભાતમાં પણ વડોદરાવાળી થવાનો ભય સતાવી રહ્યો છે. ખંભાત શહેરના માર્ગો પર દરિયાના મોજાની જેમ પાણી વહેતા જોવા મળ્યા હતા. ખંભાતમાં આટલાબધા એકસાથે ખાબકેલા વરસાદને પગલે ખંભાતવાસીઓ ભારે હાલાકીમાં મૂકાયા હતા. સમગ્ર ખંભાત જાણે પાણીના ડૂબમાં જવાના કારણે મહિલાઓ, બાળકો અને વૃધ્ધો-અશકત-બિમાર લોકોની હાલત ભારે કફોડી બની હતી. આજે વહેલી સવારથી જ ખંભાતમાં મેઘરાજાની પધરામણી અને સતત પડી પહેલા વરસાદના પગલે શહેર દરિયામાં ફેરવાયું હતું. ખંભાત તો પોતે જ દરિયાકિનારે આવેલું શહેર છે છતાં, જાણે આજે આભ ફાટતાં ખંભાતમાં બીજો દરિયો સર્જાયો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આજે બપોરના ૧૨ થી ૩માં સવા નવ ઈંચ વરસાદ ખાબક્યો અને દિવસ દરમિયાન ૧૨ કલાકમાં ૧૭ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ વરસતાં ખંભાત આખુ પાણીમાં જાણે ડૂબી ગયુ હતુ.


ખંભાત


ઓલપાડ

● અનુસંધાન પાન-૭ પર

Dr. Jayant Trivedi's PHC
THE PULMONOLOGY & SUPER SPECIALITY HOSPITAL
Care • Attention • Excellence
ડો.જયંત ત્રિવેદી
(M.D. Respiratory Medicine)
ફેફસાં, એલર્જી, નસકોરાંના રોગના નિષ્ણાંત
અમદાવાદના પ્રખ્યાત ફેફસાનાં રોગોના નિષ્ણાંત ડો.જયંત ત્રિવેદી હવે ગાંધીનગરમાં
● ફેફસામાં પાણી ભરાવવું
● શું આપને લાંબા સમયથી ઊધરસ આવે છે?
● શું આપ બીડી પીવો છો?
● શું આપ એલર્જીથી પરેશાન છો?
● શું આપને ઉંઘમાં નસકોરાં બોલે છે?
● શું આપને શ્વાસ લેવામાં તકલીફ થાય છે?
● ફેફસાના રોગોની તપાસ અને સારવાર માટે...
દમ (અસ્થમા)
શ્વાસ
ટી.બી.
ન્યુમોનિયા
એલર્જી
PFT
સમય : સોમવાર થી શુક્રવાર સાંજે ૦૪-૦૦ થી ૦૫-૦૦ વાગ્યા સુધી
બ્રાન્ચ ઓફ પ્રજના હેલ્થ કેર
@
મેગનમ મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લીનીક
એ-૮, સ્વાગત રેનફોરેસ્ટ-૧, સીન્ડીકેટ બેન્કની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર.
નામ નોંધાવવા તેમજ વધુ જાણકારી માટે ફોન
92654 72125 | 079-23296200/8700
● દવાઓ અને રિપોર્ટ લઇને આવવું

## ન્યુઝ ટ્રેક

### પાક.નું ગુરૂદ્વારા ખુલ્લુ મુકાયુ

ભાગલાના ૭૨ વર્ષ બાદ પંજાબ પ્રાંતના ઝેલમ જિલ્લામાં સ્થિત એક ઐતિહાસિક ગુરૂદ્વારા ચોવા સાહિબને શ્રદ્ધાળુઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. તેનુ નિર્માણ ૧૮૩૪માં મહારાજા રણજીતસિંહે કરાવ્યુ હતુ. નવેમ્બરમાં ગુરૂનાનકદેવની ૫૫૦મી જયંતીને ધ્યાનમાં રાખી પાક સરકારે આ નિર્ણય લીધો છે.

### અમિત શાહ કાશ્મીરની મુલાકાતે જશે

હાલની પરિસ્થિતિઓ વચ્ચે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ કાશ્મીરની મુલાકાત આગામી સપ્તાહે લઈ શકે છે. તેઓની આ મુલાકાત ખૂબ અગત્યની ગણાવાઈ રહી છે. તેઓ અહીંથી પરિસ્થિતિનું મુલ્યાંકન કરશે.

### ઓડિશા-રાજસ્થાનમાં ભારે વરસાદ

ઓડિશા અને રાજસ્થાનમાં ભારે વરસાદ બાદ જળભરાવની સ્થિતિ પેદા થઈ છે. ઓડિશાના મલકાનગરી જિલ્લામાં સડક સંપર્ક તૂટતા પૂર આવ્યુ છે. જેના કારણે બે દિવસ સ્કૂલ બંધ કરવાનો સરકારે નિર્ણય લીધો છે.

### કાશ્મીરમાં અનેક ગુજરાતીઓ ફસાયા

આતંકવાદી હુમલાના ડરથી અમરનાથ યાત્રીઓ ઉપરાંત પર્યટકોને તાત્કાલિક જમ્મુ-કાશ્મીર છોડી દેવાની કેન્દ્ર સરકારે તાકીદ કરતા અફરાતફરીનો માહોલ છે. કાશ્મીરના પ્રવાસે ગયેલા ૫૦ હજાર ગુજરાતીઓ સહિત ૧.૫૦ લાખથી વધુ પ્રવાસીઓ જમ્મુ-કાશ્મીમાં ફસાયા છે. તકનો લાભ લઈ બસ, ટેક્સી અને ફ્લાઈટનું ભાડુ પણ વધારી દેવાયુ છે.

### ફૂટબોલર મેસી પર ત્રણ માસનો પ્રતિબંધ

આર્જેન્ટિનાના કેપ્ટન લીયોનલ મેસી પર દક્ષિણ અમેરિકન ફૂટબોલ ફેડરેશને ત્રણ મહિનાનો પ્રતિબંધ લગાવ્યો છે. આ દરમ્યાન તે ઈન્ટરનેશનલ મેચ રમશે નહી.

વોક-ઈન-ઈન્ટવ્યુ
ઝેરોક્ષ તથા બાઈન્ડીંગ, રબર સ્ટેમ્પ વગેરે કામના જાણકાર
સંપર્ક
Mo. 98241 60300

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

પગારદાર/ધંધાદારી માટે
હોમલોન - પર્સનલ લોન - મોર્ગેજ લોન
નવા તથા જુના મકાન ઉપર લોન
2.67 લાખ સબસીડીનો લાભ મેળવો
કોઈપણ જાતના આવકના પુરાવા વગર લોન મળશે.
આકારણી/ગામ તળની જગ્યા ઉપર લોન મળશે.
ડિફોલ્ટર આવકાર્ય M: 78 78 45 45 47

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરની સંસ્કારી નગરીમાં
શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
Managed by :
RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

Info City Club & Resort
DRAWING COMPETITION
DATE & TIMING
17TH AUGUST 2019,
4.00 PM to 5.00 PM (AGE GROUP 6 to 10)
5.00 PM to 6.00 PM (AGE GROUP 10 to 17)
VENUE
INFOCITY CLUB & RESORT, GANDHINAGAR.
Last Date of Registration
16th AUGUST 2019
AGE GROUP A (6 to 12 Years) Registration Fees Rs.100/-
AGE GROUP B (13 to 17 Years) Registration Fees Rs.150/-
For More Information please call
+91 99099 06372
+91 98257 93857
+91 99787 21871
Please Note
- We will only provide Drawing sheets to all the Participants.
- All Participants must carry media necessary to create their art work like, Hard Board, Pencil Colors, Sketch Pens, Water Colors, etc.
- Prizes for 1st, 2nd & 3rd winner from both the groups
- Refreshment for participants only.
Note : Please Report Before 30 Min. of the Competition.